દેશમાં કોરોનાનો આતંક યથાવત, ૨૪ કલાકમાં ૭૯૪૭૬ કેસ

કુલ સંક્રમિતોનો આંકડો ૬૪.૭૩ લાખને પાર, કોરોનાના નવા પોઝિટિવ કેસો કરતાં રિકવર થનારાની સંખ્યા વધી

ન્યુ દિલ્હી,તા.૩

દેશમાં કોરોના વાયરસે માનવ જાત પર કરેલા વજ્રઘાતને પગલે છ મહિનાથી વધુ સયમમાં મૃત્યુઆંક એક લાખને પાર થઈ ગયો છે. કોરોના મહામારીમાં દેશમાં એક લાખ લોકોનો જીવદીપ બુઝાઈ ગયો છે જે અત્યંત દુઃખદ છે. આ સાથે જ વિત્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૯,૪૭૬ નવા પોઝિટિવ દર્દીઓનો ઉમેરો થતા કુલ કોરોના સંક્રમિતોનો આંક ૬૪,૭૩,૫૪૪ થયો છે. બીજીતરફ કોરોનાથી રિકવર થયેલા દર્દીઓનો આંકડો ૫૪ લાખને પાર જતા રિકવરી દર ૮૩.૮૪ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

તાજેતરના આંકડા મુજબ વિતેલા ૨૪ કલાકમાં વધુ ૧,૦૬૯ દર્દીઓના કોરોનાથી મોત થયા હતા જેને પગલે કુલ મૃત્યુ આંક ૧,૦૦,૮૪૨ થયો હતો. દેશમાં હાલમાં ૯,૪૪,૯૯૬ કોરોના સક્રિય કેસો છે જે કુલ કેસ લોડના ૧૪.૬૦ ટકા હોવાનું જણાય છે. કોવિડ ૧૯ને પગલે મૃત્યુનો દર ૧.૫૬ ટકા નોંધાયો છે.

દેશમાં ૭ ઓગસ્ટના ૨૦ લાખ કોરોના સંક્રમિતોનો આંકડો નોંધાયો હતો. ત્યારબાદ ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ કેસ ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ કેસ થઈ ગયા હતા. ૧૬ સપ્ટેમ્બરના દેશમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંક ૫૦ લાખને પાર થયો હતો અને ૨૯ સપ્ટેમ્બરના ૬૦ લાખથી વધુ દર્દીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડેટા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૭,૭૮,૫૦,૪૦૩ કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૨ ઓક્ટોબરના દેશમાં વધુ ૧૧,૩૨,૬૭૫ કોરોનાના ટેસ્ટિંગ હાથ ધરાયા હતા.

વિતેલા ૨૪ કલાકમાં કુલ ૧,૦૬૯ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા હતા. મહારાષ્ટ્રમાં ૪૨૪ લોકોના મોત થયા હતા. કર્ણાટકમાં ૧૨૫, તમિલનાડુમાં ૬૭, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૫૩-૫૩, પંજાબમાં ૫૦, દિલ્હીમાં ૩૭, મધ્ય પ્રદેશમાં ૩૬, આંધ્ર પ્રદેશમાં ૩૧ અને ગુજરાતમાં ૧૫ દર્દીઓના મોત નોંધાયા હતા.

કોરોના પોઝિટિવ આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પને આર્મી હૉસ્પિટલમાં દાખલ કરાયા

વૉશિંગ્ટન,તા.૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને પ્રાયોગિક કોવિડ-૧૯ સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેમણે કહ્યું કે તેઓ "કુશળ" છે. ઉલ્લેખનીય છે કે

ટ્રમ્પ અમેરિકન રાષ્ટ્રપતિની ચૂંટણીના એક મહિના પહેલા કોરોનાથી સંક્રમિત થયા છે. કોરોના પોઝિટીવ આવ્યાના સમાચાર સામે આવ્યા બાદ ટ્રમ્પ જાહેરમાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ શુક્રવાર સાંજે વ્હાઈટ હાઉસમાંથી માસ્ક પહેરીને, વોલ્ટર રિવર મિલિટરી હોસ્પિટલ જવા રવાના થયા.

વ્હાઈટ હાઉસની અંદર રેકોર્ડ કરવામાં આવેલા અને ટ્વિટર પર જાહેર કરાયેલા ૧૮-સેકન્ડના વીડિયોમાં ટ્રમ્પે મૌન તોડતા કહ્યું કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. પ્રેસ સેક્રેટરી કાયલે મેકનેનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તબીબી નિષ્ણાતોએ ટ્રમ્પને "આગામી થોડાંક દિવસો માટે વોલટર રીડમાં રાષ્ટ્રપતિ કાર્યાલયમાંથી કામ કરવાની ભલામણ કરી છે. વ્હાઈટ હાઉસે શુક્રવારે કહ્યું હતું કે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટનની બહાર એક સૈન્ય હોસ્પિટલમાં આવનારા દિવસોમાં કોરોનાવાયરસની સારવાર માટે પસાર કરશે, પરંતુ કામ કરવાનું ચાલુ રાખશે. ડોનાલ્ડ ટ્રમ્પને કોવિડ-૧૯ ની સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેમના ડૉક્ટર અને તબીબી નિષ્ણાતોની સલાહ પર આમ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૪૩ કેસ

કોરોનાને લીધે ૧૨નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૧૧૧૯ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૯૦નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૭૮૯

ગાંધીનગર,તા.૩

કોરોનાથી રિકવરી મામલે ભારત દુનિયામાં સર્વોચ્ચ સ્થાન પર પહોંચ્યું છે. એકબાજુ જ્યાં નવા કેસોમાં પણ વૃદ્ધિ થઈ રહી છે તો બીજી બાજુ કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ પણ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યાં છે. એક રિપોર્ટ અનુસાર દુનિયાભરમાંથી સ્વસ્થ થયેલા લોકોમાં ૨૧% ભારતમાં જ છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૧૩૦૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી રિકવરી રેટ પણ ૮૫.૬૬% થયો છે. નવા ૧૩૪૩ કેસ સાથે રાજ્યમાં કોરોનાનો કુલ આંકડો ૧૪૧૩૯૮એ પહોંચ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૭૦૬૫ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૪૫,૮૮,૫૬૩ થયો છે. રાજ્યમાં ૧૩૪૩ નવા દર્દીઓ સામે ૧૩૦૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૨૧,૧૧૯એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૭૭.૯૨ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૬૮૯૮૮ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે.

જે પૈકી ૫૯૫૨૨૧ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૯૧ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૬૭૮૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૬૯૮ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં આ મહામારીમાં વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. જેમાં વડોદરા અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત અને નર્મદામાં ૧-૧, બનાસકાંઠા અને સુરત કોર્પોરેશનમાં ૨-૨ તેમજ અમદાવાદમાં ૧ દર્દીનો સમાવેશ થાય છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૪૯૦ થયો છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે સ્વચ્છતા અભિયાનનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ભારત દેશના રાષ્ટ્રપિતા અને મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ભિલોડા ગામ યુવા સેવકના કાર્યકરો પ્રતિક ભાવસાર, હરેશ ભાટીયા, જયેશ ઠાકોર, જીતેન્દ્ર જોષી, દિનેશભાઈ ચૌહાણ, ભિલોડા ગ્રામ પંચાયત, પુર્વ સરપંચ, મનોજભાઈ પટેલ, મનીષભાઈ પટેલ સહિત સામાજીક કાર્યકરો દ્વારા ભિલોડા મેઈન બજાર વિસ્તારમાં અને શાક માર્કેટમાં સફાઈ અભિયાનનો ભગીરથ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

રાજ્યમાં અનેક સ્થળોએ સ્વંયભૂ લોકડાઉનના એલાન

ગુજરાતમાં કોરોનાના કેસ વધવાથી લોકડાઉન : રજાના દિવસોમાં પણ લોકો ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા હોવા છતાં કોરોનાના કેસોમાં ઘટાડો થયો નથી

અમદાવાદ,તા.૩

કોરોના હોટસ્પોટ ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી દરરોજ કોરોનાના નવા કેસની સંખ્યા ૧૩૦૦થી ઉપર નોંધાઈ રહી છે. સંક્રમણની તીવ્રતા વધી જતાં રાજ્યના અનેક સ્થળો પર લોકો અને વેપારી સંગઠનો સ્વેચ્છિક લોકડાઉન પાળી રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ ખેડબ્રહ્મા આઠ દિવસનું લોકડાઉન, સુરતના માંગરોળમાં લોકડાઉન, ગોંડલમાં અડધા દિવસનું લોકડાઉન, રાજકોટમાં સોની બજારમાં લોકડાઉન અને દાણાપીઠમાં પણ લોકડાઉન જાહેર કરાયું હતું.

જ્યારે અન્ય સ્થળોમાં અડધો કે એક-એક દિવસનું પૂરતું લોકડાઉન જાહેર કરાયું છે. ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી દરરોજ નોંધાતા પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થતાં શહેરી અને ગ્રામીણ વિસ્તારના લોકોમાં રીતસરનો ડર ફેલાઈ ગયો છે. જેથી કરીને લોકો રજાના દિવસણ ઘરમાં જ રહેવાનું પંસદ કરી રહ્યા છે, તેમજ કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. તેમ છતાં રોજના ૧૩૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. આ સંજોગોમાં લોકોએ સ્વેચ્છિક લોકડાઉનનો નિર્ણય લેવાનું શરૂ કરી દીધું છે. જેમાં લગભગ મોટાભાગના લોકો સહકાર આપી રહ્યા છે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારની અનલોકની છેલ્લી ગાઈડલાઈન મુજબ કોઈપણ સ્થાનિક તત્ર તેની જાતે લોકડાઉનનો નિર્ણય લઈ શકશે નહીં અને તેના માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડશે. જોકે રાજ્ય સરકાર જરૂરી હોય તો પણ કેન્દ્ર સરકારને દરખાસ્ત ન કરી શકતી હોવાથી રાજ્યના અનેક સ્થળોએ લોકો અને વેપારીઓ સંગઠનો સ્વંયભૂ લોકડાઉન જાહેર કરી રહ્યા છે. સ્થાનિક તંત્ર પણ કોઈ વાંધો ઉઠાવી રહ્યું નથી.

લોકોએ સ્વંયભૂ લોકડાઉનમાં અવરજવર પણ મર્યાદિત કરી દીધી છે. એટલું જ નહીં, સોસાયટી-ફ્લેટોમાં પણ બહારના લોકોને બરાબર ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

પ્રાંતિજ ખાતે વાલ્મીકિ સમાજ દ્વારા હાથરસના વિરુદ્ધમાં પ્રાન્ત કચેરી ખાતે આવેદનપત્ર

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વાલ્મીકિ સમાજ ગુજરાત પ્રાંતિજ શહેર દ્વારા સમાજની દિકરી ઉપર ઉત્તરપ્રદેશના હાથરસમાં બનેલ નિંદનીય ઘટનાને લઈને પ્રાંન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

તાજેતરમાં જ ઉત્તરપ્રદેશના હાથરસ મુકામે મનીષા નામની દલિત સમાજની દિકરી ઉપર ગેંગ રેપ કરીને શરીર ઉપર

અસંખ્ય ફેક્ચર કરી દેતા તેનું મોત થતાં સમગ્ર દેશમાં વાલ્મીકિ સમાજના લોકો દ્વારા સખ્ત શબ્દોમા વખોડી કાઢવામાં આવ્યો છે અને સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે, ત્યારે પ્રાંતિજ ખાતે પણ વાલ્મીકિ સમાજ ગુજરાતના કન્વીનર દર્શન વી. ગોહેલ તથા સમસ્ત પ્રાંતિજ વાલ્મિકી સમાજ ગુજરાત દ્વારા આવેદનપત્ર આપીને સખ્તમા સખ્ત વિરોધ કરીને ગુનેગારોને કડકમાં કડક સજા મળે તે માટે આજે પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે પ્રાંન્ત કચેરી હાજર સિરેસ્તદારને આવેદનપત્ર આપીને સરકાર સુધી અવાજ પોકારવા રજુઆતો કરી હતી.

૨૨૦૦ લીટરનો બાયોડીઝલ ગેરકાયદેસર વેપલો કરવા મોડાસા પહોંચેલા શખ્સને અરવલ્લી એલસીબીએ દબોચ્યો

અરવલ્લી જીલ્લામાં હાઈવે પર આવેલી હોટલ-ઢાબા નજીક બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો ધમધમી ઉઠતા ડીઝલપંપના માલિકોએ પુરવઠાતંત્ર અને કલેક્ટરને રજુઆત કરી હતી. રાજ્ય પેટ્રોલ ડીઝલ એસોસિએશને કેન્દ્ર અને રાજ્ય સરકારમાં રજુઆત કરતાં તંત્ર હરકતમાં આવતા જીલ્લામાં ખુલ્લેઆમ ધમધમતા બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો કરનાર શખ્સો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. તંત્રએ ખાનાપૂર્તિ કામગીરી કરી સંતોષ માન્યો હોય તેમ ફરીથી જીલ્લામાં ગેરકાયદેસર બાયોડીઝલ કે અન્ય કેમિકલ વેચાણ શરુ થઇ ગયું છે. હિંમતનગરનો શખ્સ પીકઅપ ડાલામાં બાયોડીઝલ ભરી મોડાસા વેચાણ અર્થે પહોંચતા બાયપાસ રોડ નજીકથી ઝડપી લઈ ૩.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી એલસીબી પીઆઈ આર. કે. પરમાર તેમની ટીમે મોડાસા બાયપાસ રોડ પર આવેલ લકી સર્વિસ સ્ટેશનની સામે ખુલ્લી જગ્યામાં પીકઅપ ડાલામાં બાયોડીઝલ લઈ વેચાણ માટે પહોંચેલા હિંમતનગર મહેતાપુરા ફોરેસ્ટ કોલોની બાજુમાં રહેતો ઈમ્તિયાઝ અબ્બાસભાઈ સુમરા નામના શખ્સને દબોચી લઈ પીકઅપ ડાલામાં ૧૧ બેરલમાં ભરેલ ૨૨૦૦ લીટર બાયોડીઝલ ૧૧૦૦૦૦નો જથ્થો જપ્ત કરી પીકઅપ ડાલા અને મોબાઈલ મળી કુલ ૩૧૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઈમ્તિયાઝ સુમરા સામે કાર્યવાહી હાથ ધરી હતી.

૧૪ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ચરાડા ગામેથી ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બોરૂ ગામેથી મજૂરી કામ કરી રોજી મેળવતી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. અર્બન વિસ્તારમાંથી ૭૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે અને આ તમામ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. જાસપુર ગામેથી ૭૩ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત આરસોડિયા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. આરસોડિયામાં કેસોની સંખ્યા વધતાં તંત્રએ સતર્ક બની સર્વેલન્સ સઘન કરવાની સુચનાઓ આપી છે. આજે ૩૨ વર્ષીય યુવાન તેમજ ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં રીકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે. આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯૫૩ દર્દી ડિસ્ચાર્જ થયા છે. જિલ્લામાં હાલ ૧૪૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૪૨૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

૧૩૬૯ થઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સેક્ટર-૨૭ માંથી આજે એક જ દિવસમાં ૪ કેસ કોરોના પોઝીટીવના નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ સેક્ટરમાં સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપી છે. સે. ૨૭ માંથી એલઆઈસી સે. ૧૬ ખાતે એજન્ટ તરીકે ફરજો બજાવતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ આ સેક્ટરમાંથી જ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨૭ માં રહેતા ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવ્યા છે. કરિયાણા સ્ટોર્સ સાથે સંકળાયેલ ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ઈલેક્ટ્રીક વ્યવસાય સાથે સંકળાયેલ ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માંથી એક ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૮ માંથી એક ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બોરીજ ગામે રહેતા અને ટી સ્ટોલ સાથે સંકળાયેલ ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અન્ય એક ૩૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો ચે. સે. ૨૪ માંથી ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૫ માંથી પણ ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૨માં ઉમિયામાતાના મંદિરના ભોજનાલાયમાં રસોઈની કામગીરી સંભાળતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં ૧૧૨૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. શહેરમાં હાલ ૨૧૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ આજે વધુ ૪૩૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ મુક્યા છે. શહેરમાં ૨૨૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૫ હજાર લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

તોતિંગ ડાળીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં વરસાદી દિવસોમાં વૃક્ષો જમીનદોસ્ત થવાના કિસ્સા વધુ ધ્યાને આવે છે. જો કે ભયજનક વૃક્ષોને દુર કરવા માટે વનતંત્ર દ્વારા સમયાંતરે ઉભા સુકા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવે છે. બીજીતરફ વૃક્ષોના ટ્રીમીંગનો પ્રશ્ન પણ મુખ્ય બની રહે છે. શહેરના ઉભા અને આડા માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ નમી પડેલી વૃક્ષોની ડાળીઓ સ્થાનિકો માટે નડતરરૂપ બને છે. ટ્રીમીંગના અભાવે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા , ટ્રાફિક સિગ્નલ તેમજ વાહનચાલકો અને મોર્નિંગ વોક કરનારાઓ માટે પણ દુવિધારૂપ બને છે. નગરના વોક વે પર પણ આવી જ સ્થિતિ છે. નમી પડેલા વૃક્ષોની ડાળીઓ વાકીંગ કરાનારાઓના માથે અથડાય છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટના થાંભલા આમ પણ કયારેક જ ચાલુ હોય ત્યારે આડે ડાળીઓ આવી જતા અંધારાની સમસ્યાનો અંત આવતો નથી ખેર હાલ શહેરના ચ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર નમી પડેલી વૃક્ષોની ડાળીઓના લીધે રાહદારીઓ માટે નડતરરૂપ બની રહી છે. શહેરમાં વરસાદી દિવસોના અંતે સેકટરોના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર આવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વનતંત્ર દ્વારા ટ્રીંમીગની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. પરંતુ આ માટે એક અભિયાન હાથ ધરવામાં આવે તેવી પણ અનિવાર્યતા છે. સેકટરોમાં વરસાદી દિવસો બાદ કેટલાક ઠેકાણે નમી પડેલા વૃક્ષો પણ જોવા મળી રહ્યા છે. ત્યારે આ અન્વયે ત્વરિત કામગીરી હાથ ધરાય તે પણ જરૂરી છે.

અટલ ટનલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન મોદીએ હિમાચલમાં વિતાવેલા દિવસોને યાદ કર્યા. મોદી અવારનવાર પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે અહીં આવતા હતા. મોદીએ કહ્યું, "આજે માત્ર અટલ જીનું જ સ્વપ્ન પૂરું થયું નથી પરંતુ આજે હિમાચલ પ્રદેશના કરોડો લોકોની દાયકાઓ જૂની પ્રતીક્ષા પૂરી થઈ ગઈ છે. આજે મને અટલ ટનલનું લોકાર્પણ કરવાની તક મળી તે મારું સૌભાગ્ય છે. પીએમ મોદીએ કહ્યું કે આ ટનલ મનાલી અને કેલોંગની વચ્ચેનું અંતર ૩ થી ૪ કલાક ઘટાડશે. પર્વતનાં મારા ભાઈ-બહેનો સમજી શકે છે કે પહાડ પર ૩-૪ કલાકનું અંતર ઘટવાનો મતલબ શું હોય છે. પીએમ મોદીએ કહ્યું કે વાજપેયી સરકાર ગયા પછી આ પ્રોજેક્ટ ઠંડો પડી ગયો હતો. તેમણે કહ્યું, "અટલજીએ ૨૦૦૨માં આ ટનલ માટે એપ્રોચ રોડનો પાયો નાંખ્યો હતો. અટલ જીની સરકાર ગયા બાદ આ કામને પણ ભૂલી જવાયું હતું. સ્થિતિ એવી હતી કે ૨૦૧૩-૧૫ સુધીમાં આ ટનલનું માત્ર ૧૩૦૦ મીટરનું કામ થયું હતું.

નિષ્ણાતો કહે છે કે ૨૦૧૪માં અટલ ટનલનું કામ જે ઝડપે કરવામાં આવી રહ્યું હતું તે જોતા આ ટનલનું કામ વર્ષ ૨૦૪૦ સુધીમાં પૂર્ણ થયું હોત. આજે તમારી જે ઉંમર છે તેમાં ૨૦ વર્ષ ઉમેરો ત્યારે છેક લોકોના જીવનમાં આ દિવસનું સપનું સાકાર થયું હોત. મોદીએ કહ્યું કે પાછલી સરકારની અવગણના છતાં તેમની સરકારે ગતિ દેખાડી. તેમણે કહ્યું, "અટલ ટનલના કામમાં ૨૦૧૪ની સાલ પછી અભૂતપૂર્વ તેજી આવી હતી. પરિણામે જ્યાં દર વર્ષે અગાઉ ૩૦૦ મીટર ટનલ બની રહી હતી, તેની ગતિ વધીને ૧૪૦૦ મીટર વાર્ષિક થઈ ગઈ. માત્ર ૬ વર્ષમાં અમે ૨૬ વર્ષનું કામ પૂરું કરી લીધું.

વ્યાજ માફ થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈએમઆઈ કે ક્રેડિટ કાર્ડના ડ્યૂની ચૂકવણી કરનાર માટે કોઈ લાભ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી. ઉલ્લેખનીય છે કે, કોરોના સંક્રમણના આર્થિક પ્રભાવને લીધે માર્ચમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ માર્ચમાં ત્રણ મહિના માટે મોરટોરિયમ (લોન ચુકવણીમાં વિલંબ)ની સુવિધા આપી હતી. તે શરૂઆતમાં ૧ માર્ચથી ૩૧ મે સુધી ત્રણ મહિના માટે લાગુ કરવામાં આવી હતી. બાદમાં આરબીઆઈએ તેને ત્રણ મહિના માટે વધારીને ૩૧ ઓગસ્ટ સુધી વધારી. એટલે કે, કુલ છ મહિનાની મુદતની સુવિધા આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં ઘણા લોકોની મુદતની અવધિ અને વ્યાજ પરના માફીની અરજી પર સુનાવણી ચાલી રહી છે. ૨૮ સપ્ટેમ્બરના રોજ સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે વ્યાજ પરના વ્યાજ માફી અંગે નિર્ણય લેવા કોર્ટ પાસેથી સમય માંગ્યો હતો. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે તે તેના નિર્ણય અંગે બે-ત્રણ દિવસમાં એફિડેવિટ ફાઈલ કરશે. હવે આ મામલે ૫ ઓક્ટોબરને સોમવારે સુનાવણી થશે. તે જ દિવસે, કોર્ટ વ્યાજ પરના વ્યાજની માફી અંગે નિર્ણય આપી શકે છે.

બંધ બારણે વાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પીડિત પરિવાર અને રાહુલ, પ્રિયંકા અને અધિર રંજન ચૌધરી નાના ઓરડામાં હાજર હતા. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી કિશોરીના મૃત્યુ બાદ પીડિતના પરિવારના સભ્યોને મળવા માટે સાંજે સાડા સાત વાગ્યે હાથરસ જિલ્લાના ગામની અંદર પહોંચ્યા હતા. આ પછી, તે બંને એક રૂમની અંદર પીડિતાના પરિવારને મળ્યા. મીટિંગ બાદ પ્રિયંકા ગાંધીએ મૃત કિશોરની માતાને તેને ભેટી હતી, આ દરમિયાન બંધ ઓરડાની અંદર ૨૫ મિનિટ સુધી મુલાકાત અને વાતચીત ચાલી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર રાહુલ ગાંધીએ પરિવારને પૂછ્યું કે તમને લાગે છે કે તમને ન્યાય મળશે? આ પછી પરિવારે કહ્યું કે તમે (રાહુલ ગાંધી) અમને ન્યાય અપાવો. પીડિત પરિવારને મળ્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે આ દુઃખની ઘડીમાં તે પરિવાર સાથે છે. પ્રિયંકાએ કહ્યું કે જ્યાં પણ અન્યાય થશે ત્યાં અમે તેની સામે લડીશું. તેમણે કહ્યું કે પીડિતાના પરિવારજનો યુવતીનો ચહેરો પણ જોઈ શક્યા નહીં. તેમણે કહ્યું કે પરિવારની કેટલીક માગ છે. તેમને ન્યાયિક ત